96 ॥/1909

શ્રી રામચંદ્રજીના પરમભક્ત

ભક્તરાજ પીપાજી.

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિતવર્ધક" નાટક કંપની માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક.

આવૃતિ પહેલી પ્રત એક હજાર.

શ્રી મહેશ મુદ્રાલય—સુરત.

સંવત ૧૯૬૫ , સને ૧૯૦૯

કીંમત રૂ૦ ૦-૨-૦

૬-૨-૧ ૨૦૭૪

પાત્રોનાં નામ.

સુત્રધાર નટી બાળાઓ—નાટ્યકાર સ્ત્રી પુરૂષ.

ભક્તરાજ પીપાજી—ગાંગરૂણ ગઢના મહારાજા. શ્રી રામચંદ્રજીના પરમભક્ત.

સીતા—ભક્તરાજ પીપાજીની સ્ત્રી.

દીપસીંહ—ભક્તરાજ પીપાજીનો કુંવર.

વિક્રાળસીંહ—પીપાજીનો પીત્રાઇ ભાઇ. પીપાજીથી વિરૂદ્ધ વર્તનાર.

શીલગુણીબા—વિક્રાળસીંહની સ્ત્રી.

લવિંગીકા—વિક્રાળસીંહની દીકરી.

શ્રી રામાનંદ સ્વામી—ભક્તરાજ પીપાજીના સદ્ગુરૂ રામ સંપ્રદાયના સ્થાપક.

તુલસીદાસજી—શ્રી રામચંદ્રજીના પરમભક્ત.

કબીરજી, **રોહીદાસજી**, **ધનો ભગત**—ભક્તરાજ પીપાજીના ગુરૂભાઇઓ.

શ્રી રામ—પરમાત્મા.

શ્રી લક્ષમણ—શેશાઇ અવતાર.

શ્રી કૃષ્ણ—જગતનીયંતા પ્રભુ.

લક્ષ્મીજી—શ્રી વિશ્ણુ પરમાત્માની વિભુતી.

ચીંદડ ભગત—અજાચક રામભક્ત.

સુરજમલ—ભક્તરાજ પીપાજીનો શીષ્ય.

મહંત, દાસીઓ, ચોરો, લુંટારાઓ, કણબી, બ્રાહ્મણ, વાણીયો, વાણીયણી, ઘાંચી, ઘાંચણ, ભુત, જેશંગ, શ્રીરંગ શેઠ, વણજારો, ડોસી, ગાંધર્વ કન્યા, ચોપદાર, પ્રજાવર્ગ વિગેરે વિગેરે.

જાહેર ખબર.

શ્રી વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપનીમાંથી નાટક કંપનીઓ તથા રામલીલા કરવાવાળાને લગતા સેકન્ડહેન્ડ સામાન કીફાયત ભાવે મળશે.

**હવે પછી થવાના ખેલો જે થોડા વખતમાં બહાર પડશે.

1. શ્રી કૃષ્ણલીલા.
2. નામદેવ ભક્ત.
3. અખંડ બ્રહ્મચારી ભક્તરાજ ભીષ્મ પીતામહ.

શ્રી રામચંદ્રજીના પરમભક્ત ભક્તરાજ પીપાજીના નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્ર. ૧ માં—ઇશ્વર સ્તુતી સાથે સુત્રધાર તથા નટીની નાટય પ્રયોગ સંબંધી વાતચીત.

પ્ર. ૨ માં—દેવિ મંદીરમાં સાધુઓને પ્રેમથી પીપાજીએ કરાવેલ ભોજન, વિક્રાળસીંહની સાધુ પ્રત્યે ઇર્ષા, સાધુઓએ શ્રી રામકૃષ્ણને થાળ ધરાવવો.

પ્ર. ૩ માં—સીતાજીની સખીઓ સાથે ઋસ-ચર્ચા કર્યા બાદ રામકૃષ્ણનું ભજન કરવાની લવિંગીકાની પ્રતિજ્ઞા. શિલગુણીબાને બોધ. પાછળથી પ્રભુ મહિમાનો રાસડો.

પ્ર. ૪ માં—દેવીએ પીપાજીને નીંદ્રામાંથી ઉઠાડી પોતાનો થાળ રામકૃષ્ણને પ્રથમ ધરાવતાં પોતે ક્ષુધાતુર રહ્યાં તે બાબત સુચના. પીપાજીનો દેવી પ્રત્યે પ્રેમ. દેવીએ મુક્તી મેળવવા કાશીજીમાં સદ્‌ગુરૂ શ્રી રામાનંદજી પાસે પીપાજીને જવા કહેવું. દેવી અદ્રશ્ય. પીપાજીનો પશ્ચાતાપ. પ્રધાન, વિક્રાળસીંહ તથા રાણીનું આવવું. પીપાજીનું વલણ શ્રી રામકૃષ્ણ પ્રત્યે જોઇ રાણીનો આનંદ. પીપાજીનો કાશી તરફ સદ્‌ગુરૂને મળવા જવાનો નિશ્ચય.

પ્ર. ૫ માં—શ્રી રામકૃષ્ણના ભજનમાં લવિંગીકા તથા શીલગુણીબાનું એકાગ્રહ ચીત્ત. "રામ નામનો બકવા રોગ પોતાના

ઘરમાં ફાટી નીકળેલો જોઈ" વિક્રાળસીંહનું ગુસ્સે થતાં છોકરીને માર મારી શ્રી રામકૃષ્ણને નહિં ભજવા કહેવું. નહીં માનતા લવિંગીકાને અંધારી ઓરડીમાં ભુખી તરશી પુરી રાખવાની શીલગુણીબાને ભલામણ દેતાં કચેરીમાં જવું.

પ્ર. ૬ માં—કુમારની પ્રધાન તથા વિક્રાળસીંહ સાથે જાત્રાની તૈયારી સંબંધી વાતચીત. મહારાજા પીપાજીએ કુમાર તથા વિક્રાળસીંહને રાજ્યની ભલામણ કરી પ્રજા વર્ગના હર્ષનાદ સાથે શ્રી કાશીજી તરફ પ્રયાણ કરવું.

પ્ર. ૭ માં—શ્રી કાશીજીમાં ગંગા કાંઠે શ્રી રામાનંદજીના આશ્રમમાં સદ્દગુરૂ શ્રી રામાનંદજી ધ્યાનસ્થ હોવાથી શ્રી તુલસીદાસજીએ કબીરજી, ધના ભગત, રોહીદાસ અને સંતુ મંડળને કલીયુગના મહિમાની કથા કહેવી. પીપાજીનું આવી સદ્દગુરૂ શ્રી રામાનંદ સ્વામીના દર્શન કરવા બાળ ભક્તને વિનંતી કરવી. ગુરૂએ તેની કસોટી કર્યાં બાદ ગુરૂમંત્ર આપી રાજ્ય તરફ વિદાય કરતાં સાધુસંતની શેવા તથા દયા, દીનતા, સત્ય સંબંધી બોધ કરવો. પીપાજીએ સદ્દગુરૂની રાજ્યમાં પધરામણી કરવા કહેવું. શ્રી દ્વારીકાધીશની જાત્રા કરતી વેળાએ શીષ્ય મંડળ સહીત જવાનું કહેતાં પીપાજીનો હર્ષ, શ્રી રામનામના ભજન.

અંક બીજો.

પ્ર. ૧ માં—શહેર તેમજ આસપાસના સાધુઓને પકડી લોખંડની સાંકળે બાંધી તેમની ઉપર જોરજુલમ ગુજારતો વિક્રાળસિંહ દેવીના ઉપાસીક થવા માર મારે છે. લોખંડની સાંકળોનું

તુટી પડતાં આશ્ચર્ય. મહારાજા પીપાજીના હુકમથી પોલીસોનું વિક્રાળસિંહને પકડી જવું, ધર્મનો જય, પાપનો ક્ષય, સાધુઓનો આનંદ.

પ્ર. ૨ માં—પીપાજીએ સાધુઓ પાસે ક્ષમા માગવી, વિક્રાળસિંહનું ગુસ્સામાં આવવું. પીપાજીએ વિક્રાળસિંહને સાધુસંત ઉપર જુલમ ગુજારેલ તેને માટે ધીટકાર આપવો. વિક્રાળસિંહે પોતાનું કરેલ સાચું કહેતાં પીપાજીએ તેને દેશનીકાલ કરવો. વિક્રાળસિંહે તેનો બદલો વાળવા પ્રતીજ્ઞા લઈ ચાલ્યા જવું. પીપાજીએ સદ્‌ગુરૂજીને આમંત્રણ પત્રીકા લખવી; સાધુને જાત્રા કરવા, બ્રાહ્મણોને યજ્ઞ કરવા ખરચી આપવી, તેમજ સાધુ બ્રાહ્મણ પાસે ભંડાર લુટાવી દેવડાવવો.

પ્ર. ૩ માં—શ્રી રામાનંદ સ્વામી તથા શ્રી તુલસીદાસજી, કબીરજી વીગેરે સંત મંડળ દ્વારીકાધીશની જાત્રાએ જતાં રસ્તામાં સાધુ સંતના મુખદ્વારા પીપાજીના વખાણ સાંભળી ખુશી થવું. ભોજનને માટે પીપાજીએ સાધુઓને શોધવા સીપાઇઓને મોકલેલ તેને શ્રી સદ્‌ગુરૂના દર્શન થતાં હર્ષભેર પીપાજીને શુભ સમાચાર આપવા જવું. પીપાજીનું ગદ્‌ગદ્ કંઠે ગુરૂને મળી ગુરૂ તેમજ ગુરૂભાઇઓને વાજતેગાજતે રાજ્યમાં લઇ જવું.

પ્ર. ૪ માં—લવીંગીકાએ અન્નજળનો ત્યાગ કરવાથી શીલગુણીયાનું સમજાવવું. લવીંગીકાની પ્રભુમાં એકાગ્રહ વૃતી. વિક્રાળસિંહનું કચેરીમાં અપમાન થવાથી ગુસ્સામાં લવીંગીકાને રામ નામ નહીં ભજવાનું કહેતાં ભજતી જોઇ તલવારનો ઘા કરવો. તલવાર હાથમાંથી ઉડી જતાં ગુસ્સામાં કટાર કાઢી

લવીંગીકાને મારતાં વૈમાન દ્વારા લવીંગીકાનું આકાશ માર્ગે વીચરવું. શીલગુણીબા પોતાની પુત્રીને મરેલી જોઇ પોતાનો પ્રાણ ત્યાગ કરવો. વિક્રાળસીંહનો વધી ગયેલો ગુસ્સો. મકાનને આગ લગાડી સાંધુનું તેમજ પીપાજીનું નીકંદન કાઢવા નીકળી પડવું.

પ્ર. ૫ માં—સદ્‌ગુરૂ શ્રી રામાનંદ સ્વામી તથા ગુરૂભાઇઓ સાથે તીર્થ યાત્રા કરવા સાથે લઇ જવા પીપાજીની વિનંતી. રાણીયોનું આવવું. પોતાના પતિને ન લઇ જવા ગુરૂ પાસે માગણી. પીપાજીની દઢતા જોઇ રાણીયોએ સાથે આવવા કહેવું. ગુરૂએ રાણીયોની પરીક્ષા કરતાં સીતાજીની પતિ ભક્તિ જોઇ તેમનેજ સાથે લેવા પીપાજીને કહેતાં પીપાજીએ સીતાને સાથે લઇ યાત્રાએ જવું.

પ્ર. ૬ માં—રાણીયોએ સીતા તથા પીપાજીને પાછા રાજ્યમાં લાવવા એક કંજુસ બ્રાહ્મણને રૂપીયાની થેલી આપી બ્રહ્મહત્યા કરવા મોકલવો. બ્રાહ્મણના હવાઇ વિચારો. તેવામાં ગુરૂ સાથે શીષ્ય મંડળનું આવવું. બ્રાહ્મણે સમજાવ્યા છતાં પાછા નહી વળવાથી બ્રહ્મહત્યા કરવી. ગુરૂએ સજીવન કરવો. બ્રાહ્મણે મુવા બાદ જમપુરીનો દેખાવ નજરે જોયલો વર્ણવતાં આત્મહત્યા નહીં કરવાના તેમજ સંતોને નહીં સંતાપવાના સોગન ખાઇ ચાલ્યા જવું. ભક્તીનો મહીમા.

પ્ર. ૭ માં—પરેલીયાઓ દ્વારીકામાં તીર્થયાત્રા કરવા નીકળેલા તેની પ્રેમમય વાતચીત. બાદ ગુરૂ તથા ગુરૂભાઇઓએ પીપાજીને દ્વારીકામાં રાખી જુદા પડવું. પીપાજી ભક્તીમાં લીન.

પ્ર. ૮ માં—પીપાજી તથા સીતા સોનાની દ્વારીકાના દર્શન કર

વાની પુછપરછ કરતાં દરીયાના કીનારાપર આવે છે તેમાં વાણીયણને પુછતાં સોનાની દ્વારીકા દરીયામાં બતાવે છે. પીપાજી તથા સીતા શ્રી રામકૃષ્ણનું નામ લઇ દરીયામાં પડે છે. સેટ સીન ફાટી શ્રી કૃષ્ણ તથા લક્ષ્મીજીની ગોદમાં પીપાજી તથા સીતા સુતેલાં જોવામાં આવે છે. શ્રી કૃષ્ણનો ભકતો પ્રત્યે પ્રેમ ભાવ.

અંક ત્રીજો.

પ્ર. ૧ માં—સમુદ્રમાંથી શ્રી કૃષ્ણ પરમાત્માએ આપેલી છાપો લઇ પીપાજીનું બહાર નીકળતાં શહેરના તમામ લોકોની પીપાજી પ્રત્યે પ્રેમ ભરેલી લાગણી સાથે હાર પહેરાવવો, પીપાજીનો બોધ અને છાપ આપી જાત્રાળુઓને નીશાની છાપવા. કહેવું, ભકિતનો જય.

પ્ર. ૨ માં—લુંટારાઓનો સરદાર બનેલો વિકાળ પીપાજી તથા સીતાને મારવા અવળે રસ્તે ચડાવી સીંહ પાસે શીકાર કરાવતાં સીંહ સીંહણ તથા બચ્ચાંનું પીપાજીનાં પગમાં પડવું. પીપાજીએ તેમને નરસીંહ મહેતો તથા માણેકબાઇ અને તેના પુત્ર પુત્રી થઇ ભકતીથી શ્રી કૃષ્ણ પરમાત્માને પ્રસન્ન કરી વૈકુંઠના અધીકારી થશો એવો આશીર્વાદ આપવો. પીપાજી તથા વિકાળસીંહનો સંવાદ થતાં વિકાળસીંહ પીપાજીને મારવા જતાં શ્રી રામ તથા લક્ષ્મણનું ધનુષ્ય ધારી પ્રગટ થવું. વિકાળસીંહનું ભયભીત થઇ ભાગવું. શ્રી રામચંદ્ર ભગવાનની ભકતો પ્રત્યેની અપુર્વ લાગણી.

પ્ર. ૩ માં—અજાચક ચીંદડ ભકતની ધર્મશાળામાં પીપાજી તથા સીતાનું આવવું. ચીંદડ ભકતની દુર્બળ અવસ્થાથી પોતાની સ્ત્રીની સાડી વેચવા જવું, પાછળથી બીજી સાધુની જમાત આવતાં સીતાએ ચીંદડ ભકતની દુર્બળ અવસ્થાની વાત કહેતાં પીપાજીની પ્રભુ પ્રાર્થનાથી ચીંદડ ભકતની અજાચકની ટેક રાખવા માટે શ્રી રામ તથા લક્ષ્મણનું આવી સૌ સાધુઓને જમાડવું, ચીંદડ ભકતને શ્રી રામચંદ્રજીના દર્શન કરાવી પીપાજીનું સુરજમલના રાજ્યમાં જવું.

પ્ર. ૪ માં—શ્રીરંગ શેઠના દીકરા જેસંગની વહુ ઉપર ગામ બહારના ભડકીયા કુવામાં રહેનારો ભુત આશક પડવાથી તે ભુત પોતાનું સ્વરૂપ માયાના પ્રભાવે જેસંગ જેવું લઇ તેની સ્ત્રી સાથે એશઆરામ કરે છે તેવામાં તેના સાચા પતિ જેસંગનું આવવું. ભુત તથા જેસંગની મારામારી. સ્ત્રીનો કકળાટ સાંભળતાં શહેરની તપાસ અર્થે નીકળેલ રાજા સુરજમલનું છુપાઇ સાંભળવું. શ્રીરંગ શેઠ તથા શેઠાણીનું આવી બે દીકરા જોઇ આશ્ચર્ય થવું. બાદ પીપાજીને બોલાવતાં તેણે આવી શ્રીરામ નામના પ્રભાવે ભુતનો ભડકો થઇ ઉડી જવું. પીપાજીએ સુરજમલને આપેલો બોધ. સુરજમલની કસોટી સાથે અડગ વૃતી જોઇ શિષ્ય કરવો.

પ્ર. ૫ માં—વિકાળસીંહનો પીપાજીનું વેર વાળવા સુરજમલની કચેરીમાં નોકરી કરવા જવાનો વિચાર. ચોરોને લુટ નહીં મળવાથી દીલગીરી. બાદ પીપાજીને મળેલો સોના મહોરનો ઘડો પાછો મુકવા જવો, ચોરોને અચાનક ઘડો મળતાં પીપાજીના ગયા બાદ ઘડો ઉપાડતાં અંદરથી વીંછીનું કર-

૨૭૪

૧૧

હતું, જેથી ચોરોએ તેજ ઘડો પીપાજીને મારવા લઇ જવો.

પ્ર. ૬ માં—પીપાજી તથા સીતા પારકા દ્રવ્યને હાથ લગાડયો તેનું પ્રાયશ્ચિત કરવાના વિચારમાં છે તેવામાં વિપ્ર કન્યાદાન આપવાને દ્રવ્યની માગણી કરવા આવે છે. વિક્રાળસીંહ એક વણઝારાને પીપાજીને ત્યાં બળદ લેવા સુચવે છે. વણઝારો રૂપીયા પાંચસે આપે છે તે પીપાજી વિપ્રને આપી વિદાય કરે છે, પાછળથી વણઝારાને બળદ નહિ મળતાં તથા રૂપીયા ગયા ધારી રાજા પાસે ફરીયાદી કરવા જાય છે. વાણીયો લેણું લેવા આવતાં રૂપીયાનું લંબાણ થશે એવું ધારી તે પણ રાજા પાસે ફરીયાદી કરવા જાય છે. એક તેલણ તેલ વેચતાં રામ નામના રોટલા ન થાય પણ તેલ વેચવાથી રોટલા થાય એમ બોલી ચાલી જાય છે. ચોરો આવી ઘડો પીપા ભગતના માથામાં મારે છે. જે ફુટતાં અંદરથી સોના મહોરનો ઢગલો થાય છે. ચોરોનું આશ્ચર્ય થવું. (ટેબ્લો)

૭ માં—વિક્રાળસીંહે સુરજમલને ઉતારેલી અવળી અસરથી પીપાજી ઉપર ગુસ્સો કરતાં વાણીયા તથા વણઝારાનું ફરીયાદ માટે આવવું. ફરીયાદ સાંભળતાં ગુસ્સે થઇ પીપાજીને એકદમ બોલાવવા પ્રતિહારને કહેવું. શ્રી રામચંદ્રનું પ્રગટ થવું ત્યાં પોતાના ભકતની પત જાળવવા ચોપડા ચોખ્ખા કરવા તથા વણઝારાને ત્યાં પીપાજીના રૂપે બળદ મુકી આવવા જેથી વણઝારાના માણસે બળદ પીપાજી મુકી ગયા એ વાત કહેતાં વાણીયો તથા વણઝારાનું પીપાજીના પગમાં પડવું. સુરજમલનો પશ્ચાતાપ. પીપાજીએ રાજપાટ તથા શ્રી મુગ્ધાદીક સંપતી પાછી માગવી. માગના

પ્રભાવે આ રામચંદ્રજીએ બતાવેલા પરચાથી સુરજમલનું ભયભીત થવું. પીપાજીએ શાંન્તી આપી સદ્બોધ કરવો.

પ્રા. ૮ માં—ગાંધર્વ કન્યાને શ્રાપ થવાથી પૃથ્વી ઉપર ઢેડને ત્યાં ઉછરેલી જેને વિક્રાળસીંહ મળતાં ભકત પીપાજી પાસે મોકલવી ત્યાં તમારો ઉધાર થશે. જે સાંભળતાં અને ગાંધર્વ કન્યા કે જે નીચ જાતીમાં ઉછરેલી છે તેનું ભકતરાજ પીપાજી પાસે જવું.

પ્ર. ૯ માં—પીપાજી તથા સીતાના જગત જીવોના ઉધાર માટે ઉદ્ગાર. ધાંચણના રૂદન તથા અશ્રુપાતથી મૃત્યુ પામેલા ઘાંચીને પીપાજીએ સજીવન કરવો ઢેડની છોકરી થઇ જન્મેલી શ્રાપીત ગાંધર્વ કન્યાનો ઉધાર કરવો. સદ્ગુરૂ શ્રી રામાનંદજી તથા તુલસીદાસજીનું આવાગમન. વિક્રાળ સીંહને કેદ કરી સુરજમલનું આવવું. નીચ વિક્રાળસીંહ ની નીચતા, પીપાજીને મારવા જતાં વિક્રાળના કાળનું ભયંકર રૂપે પ્રગટ થવું. નર્કસ્તાનમાં નરાધમ વિક્રાળસીંહને પડેલા દુઃખોનો દયાજનક દેખાવ. પીપાજી તથા સીતાના પ્રારબ્ધ પુરા થવાથી અચ્યુત પદમાં લઇ જવા પરમ રાજાનું સોમ્ય સ્વરૂપે આવવુ. પીપાજી તથા સીતાનું શુભ રસ્તો બતાવનાર સદ્ગુરૂને સાષ્ટાંગ કરી અચ્યુત પદમાં વિચરવું. અચ્યુત પદનું અવલોકન. પ્રેમી ભકત પીપાજી તથા સીતાનું અચ્યુત પદના ચરણમાં સ્થીર થવું. ભકતજનોની જય ગર્જના સાથે "પ્રયોગનું" પુર્ણ થવું

ૐ શાન્તી શાંન્તી શાંન્તી.

શ્રી રામચંદ્રજીના પરમભક્ત

ભક્તરાજ પીપાજી

નાટકનાં ગાયનો.

ઇશ્વર સ્તુતિ.

સુત્રધાર—બાળા— (૧)

જય જય જગનાથ, સમરી સૌ સાથ
મુર્તિ સુંદર પ્યારી, અંતર માંહી ઉતારી
અવિકા......રી—જય.
સુખ કરતા, દુખ હરતા, મુદ ભરતા, જગ કરતા, અઘ હરતા
એવા દીનના દયાળ, પ્રણતના પ્રતિપાળ;
ભક્તોની લેનારા ભાળ, ક્રુર જન કેરા કાળ,
શ્રી........અવિનાશી અમપરે,
કલીત કરો કરૂણાય,
પ્રયોગ પરમાનંદથી,
પુર્ણ આજ અમ થાય,
અર્જ અમારી, લ્યો સ્વીકારી, શ્રી મોરારી...એવા—જય.

નટી—બાળા— (૨)

શ્રીવર સુખકર, અરે હાં,
સુંદર શામળારે, કમનીય કાનુડારે શ્રી.

ત્રીભુવન કરતા, અસુર સંહરતા,
ધીર મુની ધરતા, ધ્યાનમાંરે,
ધ્યો નર વરવા, ભવ ભય હરવા,
નારદ ગાતા ગાનમાંરે.........
જય જય કરતા.............. ઓ.

પુજારી-પીપાજી-વિગેરે—(૩)

અંબે માત આરાસુરી,
આધિ વ્યાધિ ઉપાધિ હરી;
ભક્ત જન સુખકારી... ... ... અંબે.
કાલિકાનું રૂપ ધરી, અસુરનો સંહાર કરી;
દેવતાના દુઃખ હરી; એવી માત ફિર ધરી.....અંબે.
રંક બાળ પાળનાર, દુઃખ સર્વ ટાળનાર;
ત્રિશુળ શક્તિ ધારનાર, દેવિ તું અતિ દાતાર...અંબે.

સાધુઓ— (૪)

હળવે હળવે હળવે હરજી, મારે મંદીરીએ આવો રે;
મોટે મોટે મોટે પ્રભુને, મોતીડે વધાવો રે.
કીધું કીધું કીધું મુજને, કાંઇક કામણ કીધું રે;
લીધું લીધું લીધું મારૂં, ચિતડું ચોરી લીધું રે.
ભુલી ભુલી ભુલી હું તો, ઘરનો ધંધો ભુલી રે;
જાગી જાગી જાગી હું તો, હરિ મુખ જોવા જાગી રે.
ભાગી ભાગી ભાગી મેં તો, ભવની ભાવઠ ભાગી રે;
મળીયો મળીયો મળીયો, સુંદર શામળો અમને મળીયોરે.

સાધુઓ— (૫)

જમો જમો જગના આધાર, જુગતે જમાડું;

શામળીયા સરજનહાર, રંગમાં રમાડું,
બેસો બેસોને બાજોઠ, લાલજી લટકાળા,
ભોજનીયાં પીરસ્યાં મેં, રસભેર રૂપાળા,
નાનડીયા નટવર રે, નેત્રોના તારા,
કરજોડી કહીએ રે, મોહન વર મારા.

સીતા— (૬)

નામ તમારૂં શ્રી પ્રભુ સુખ કર,
આ રતની આ અરજી ઉર ધર,
કરૂણા કર કીરતાર...........
દુખ હર દાતા, છો પીતુ માતા,
ભવ હર ભ્રાતા, છો વિખ્યાતા,
ત્રિભુવન ત્રાતા, છો ગુણુ જ્ઞાતા,
મમ પતિ હૃદયે, તુજ ભકતી ભર. નામ.

સીતા—દાસીયો— (૭)

રમા વર રામજીને રીઝાવો
હ્હેનો અવસર નહિ મળે આવો ફરી ફરી. અવ.
શુધ મનેથી શેવા કરીને, સદ્‌ગુરૂ શરણે જાઓ;
ભુધરજીની ભકિત કરીને, લ્યો લાખેણો લ્હાવો. અવ.
શ્રીવર અશરણુ શરણુ છો, ભય ભંજન ભગવાન;
વિધ્ન નિવારણુ વૃજપતિ, શામળીયા સુખ ધામ.
તારા નામની ચઢી માળા, શ્રી રામજી રઢીયાળા;
છેહ દેશોમાં છેલ છોગાળા, રામજી રઢીયાળા.
પૃથ્વીના પાળનાર, અહલ્યા ઉધારનાર,
વાળી વીદારનાર, ભકતોને તારનાર,
ગોવિંદના ગુણુ ગાવો ફરી ફરી.

ત્રીભુવન નાથ અનાથના, દીન બંધુ દાતાર,
શરણાંગતની સાર લ્યો, જગજીવન આધાર,
છો પ્રણતના પ્રતિપાળ, પ્રભુજી પાતળીયા,
દીન બંધુ છો દીન દયાળ, પ્રભુજી પાતળીયા,
ભાવે ભક્તિનો રસ પાવો, ફરી-ફરી— રામજી.

ચોપાઈ—સીતા— (૮)

ભક્તિ ભાવેથી કરી લેને તું રૂડા રામની,
રૂડા રામની કરી લે સીતા રામની, ભક્તિ.
વૈભવ તારા બહુ વિખરાઈ જાશે સહુ,
બાળા તું ગ્રહી લે હેતે હરી નામની હે, ભક્તિ,
જગ કરતાના જશ નવ ગાયા
કાચી આ કાયા તારી શું છે કામની હે, ભક્તિ.

લવિંગીકા— (૯)

ડરવાની નહિં ડરવાની નહિ, તમે કહો તેમ કરવાની નહિ
શ્રી રામ કૃષ્ણ તજવાની નહી, તમે.
❀ ❀ ❀ ❀ ❀
માનવાની નહી માનવાની નહી, તમે.
શ્રી રામ કૃષ્ણ તજવાની નહી, તમે.

લવિંગીકા— (૧૦)

શરણે આવી હું નાથ નિહાળજો રે,
નીહાળજોરે, પ્રીત પાળજો રે, શરણે.
જાણું જરા નહિ ભજનની જુક્તિ,
હરિ વશ કરવાની કાંઈ યુક્તિ,
માગું હું મુક્તિને આપજો રે, શરણે.
બાળ બીચારી હું નહિ બુદ્ધિ,

તુજ ગુણુ ગાવાની નહિ શુદ્ધિ,
પાપ પામ્યા છે વૃદ્ધિ તે ટાળજો રે   શરણે.

સાહેલીયો— (૧૧)

મંગળ દીન મંગળ ઘડીરે આજે,
ભલાં ભાગ્ય અમારાં, જ્યારે રાજા પીપાજી કાશીયેરે;
માયા કાયાને જુઠા જાણીનેરે,
રાખ્યા હૃદય માંહી રૂડા રામરે, રાજા પીપાજી;
સગપણ સ્વપ્ના જેવું સંસારનુ રે,
શોધ્યા સાચા સંબંધી સરજન હારરે રાજા પીપ્રાજી.

તુલસીદાસજી— (૧૨)

રામ રામ રઘુરાઇ, રાજીવ લોચન, ભવ ભય મોચન;
તવ કૃપાસે ભકિત પાઇ રામ.
જય જય દશરથ કુમાર, પાપ પુંજ અમ વિહાર;
શ્રી સીયાવર સુખદાઇ રામ.

તુલસીદાસજી— (૧૩)

" કલિયુગનો મહિમા. "

જેહિ સુમિરત સિધિ હોઇ, ગણ નાયક કરી વર વદન;
કરો અનુગ્રહ સોઇ, બુદ્ધિ રાશી શુભ ગુણ સદન.
મૂક હોઇ બાચાલ, પંગુ ચઢે ગિરિવર ગહન;
જાસુ કૃપા સુદયાલ; દ્રવો સકલ કલિ મલ દહન.
તુલસી કૃત રામાયણ, કથા કહોં અનુસાર;
પ્રેમ સહિત ગાદી ધરૂં, પધારો પવન કુમાર—
સીયાવર રામચંદ્ર દેવની જય.
કલિમલ ગ્રસેઉ ધર્મ સબ, ગુપ્ત ભયે સદ ગ્રંથ;

દંભિન નિજમત કલ્પિ કરી, પ્રગટ કીન્હ બહુ પંથ—સીયાવર.

બરણૂં ધર્મ નહિં આશ્રમ ચારી, શ્રુતિ બિરોધ આચરત નરનારી:
મિથ્યા રંભ દમ્ભ રત જોઇ, તા કહે સન્ત કહે સબ કોઇ.

નારિ બિબસ નર સકલ ગુસાંઇ, નાચહિં નટ મર્કટ કીનાઇ;
સબ નર કામ લોભ મદ ક્રોધી, વેદ વિપ્ર ગુરૂ સંત બિરોધી.
ગુણ મંદીર સુંદર પતિ ત્યાગી ભજહિ નારિ પર પુરૂષ અભાગી;
સૌભાગિની વિભૂષણ હીના, બિધવન કે શૃંગાર નવીના.
ભયે વરનસંકર કલિહિં, ભિન સેતુ સબ લોગ,
કરહિં પાપ દુખ પાવહીં, ભય રૂજ શોક બિયોગ.

બહુ ધામ સંવારહિ યોગી યતિ, બિષયા હરિ લીન ગઇ બીરતિ.
તપસ્વી ધનવન્ત દરિદ્ર ગ્રહી, કલિ કૌતુક તાતન જાત કહી;
લઘુ જીવન સંબત પંચ દશા, કલ્પાંતન નાશ ગુમાન અશા,
કલિ કાલ બેહાલ કિયે મનુજા, નહિ માનત કોઉ અનુજા તનુજા,
સસુરારિ પિયારિ લગી જબતે, રિપુ રૂપ કુટુમ્બ ભયો તબતે,
કલિ બાર હિંબાર દુકાલ પરેં, બિન અન્ન દુખી સબ લોગ મરેં,

કલિયુગ સમ યુગ આન નહિં, જો નર કર વિશ્વાસ,
ગાઇ રામ ગુણ ગણ બિમલ, ભવ તરૂ બિનહિં પ્રયાસ,
કથા વિસરજન હોત હે, સુનો બિર હનુમાન,
રામ લખન સિય જાનકિ, સદા કરો કલ્યાન,

(૨૪)

સંતો—ભજન મેં મગન રહેના રામ સંતો લગી લગન ભરી આઇ

તુલસી—તુલસી આ સંસાર મેં, ભાત ભાત કે લોગ,
સબસે હીલ મિલ ચાલીયે, પ્યારે નદી નાવ સંજોગ. ભ.
કબીર—સાહેબકા ઘર દુર હય, જયસી લંબી ખજુર
ચડે સો ચાખે પ્રેમ રસ, પ્યારે ગીરે સો ચકનાચુર ભ.
તુલસી—દયા ધર્મકા મુલ હય, પાપ મુલ અભિમાન
તુલસી દયા ન છાંડીયે, પ્યારે જબ લગ ઘટમે પ્રાન ભ.

અંક બીજો.

સાધુઓ— (૧૫)

જુલમ જુલમ બહુ જુલમ ગુજારે
પાપીષ્ટ પારાવાર.
ગજબ ગજબ બહુ ગજબ ગુજારે
ગરીબપર આવાર.
નથી નથી કોઇ અવની તળમાં;
દાદ દીલે ધરનાર,
કથી કથી કરૂણાથી કહીએ
કાન ધરો કીરતાર.
હરો હરોને સહુ દુખો, સાધુ જનો તણા;
ધરો ધરોને દયા ધરો, નથી રહી મણા.
મુક્ત કરોને લોહ સાંકળે, બાંધ્યા સાધુ ઘણા;
સહાય કરોને આ—નાથ—જી........

સાધુઓ— (૧૬)

પાપી તણો આવ્યો અંત આહા પ્રભુ;
ભજન ધુન મચાવ મચાવો.

હરિણ્યકંશ માર્યો પ્રેહલાદ ઉગાર્યો;
એવિ લીધી છે પ્રભુએ સહાય.
ધર્મ ધુરંધર દિન દુખહર, રાજ પીપાજીના;
ગુણ ગજાવ ગુણ ગજાવ. (૨)
નિત નિત પ્રભુ એહના રાજમાં આનંદને વરતાવ. પા.

સાધુઓ— (૧૭)

ભજ રામસીયા જીને જનમ દીયા
નહિં ધર્મ કીયા ધીક જન્મ લીયા
સતિયા સત નવ છોડીયે પ્યારે, સત છોડે પત જાય—ભજ.
સત્ય વચન ઔર દિનતા પ્યારે, પર સ્ત્રી માત સમાન—ભજ.
ઇતપર પ્રભુ ના મીલે તો તુલસીદાસજ માન—ભજ.

તુલસીદાસજી— (૧૮)

પાવે નહિં કછુ પાર જગતમે
શરણુ ગ્રહી પ્રભુ સુકીત કરી લે પાવે.
વેદ પુરાના અરૂ ગીતામેં
રામ રમે સબ એક નિરખ લે પાવે.

દાસીયો— (૧૯)

વધાવો મારે નિત નવલોજી મારા
સદ્‌ગુરૂજીનો ઉપદેશ વધાવો.
આંગણે વાવું એસની, પરસાવે અમરવેલ રામ;
આજ ગુરૂ ઘેર પધારીયા, મારે હદયે આનંદની રેલ વધાવો.

સવિંગીકા-શીલગુણીકા— (૨૦)

શ્રી રામકૃષ્ણ રંગીલાળા નહીં છોડાય
તો જીવ જાય તો શું થયરે ખાવું પીવું ના

ઘડી પળમાં અમારો જીવ જાય તો શું થાયરે
ખાવું પીવું ના.................. રામ.
શાણી કુંવરી તું મારી, હઠ છોડી દે તું પ્યારી
ભુખ તરસના દુખ સહી તુજ પ્રાણ જશે
નીરધાર, એ મારો જીવન આધાર;
ઘડી પળમાં આ મારો જીવ જાય, તો શું થાયરે
ખાવું પીવું ના...રામ.

વિક્રાળ— (૨૧)

બળવાન બનું હું આહા; (૨)
લુંટારાની ટોળી તણો સરદાર.
વિક્રાળ બનું હું છું તેથી વિક્રાળ થઉં હું;
પીપા કેરા પ્રાણ તણો હણનાર.

ગોળી—થાશે થાશે થાશે, નકી હરામી તારી હાણ;
જાશે જાશે જાશે, તું નરકે નિશ્ચે એ જાણ. બળ.

સીતારાણી— (૨૨)

ધન્ય શૃંગાર આ પીયુથી પામી;
ગુરૂથી પામી સહુ વેદના હું વામી. ધન્ય.
તુલસીની માળા, મારે અંગે સોહાવે;
ભલી મળી છે મને આ કામળ કાળી. ધન્ય.

તુલસીદાસજી—
કબીરજી—
રામાનંદજી— } ધન્ય ધર્મ વીર કર્મ તારૂં જોઇ; (૨૩)
પ્રફુલ થાય છે મન મારૂં. ધન્ય.

પીપાજી-સીતા—સંસારીનું સુખ છે ખારૂં;

મને રામ નામ લાગે પ્યારું.

તુલસીદાસજી—ગંગા યમુના સરસ્વતિ, સાથ સિંધુ ભરપુર;
તુલસી ચાતક કે મતે, વિન સ્વાંતિ સબ ધુર.
એક ભરસા એક બળ, એક આશ બિસ્વાસ;
સ્વાંતી સલીલ રઘુનાથ બન, તું ચાતક તુલસીદાસ.

તુલસીદાસજી— (૨૪)

ભકિત રસ અપરસા હય મોરે ભાઇ
જો કોઇ પીવે અમર હો જાઇ ભકિત.
સદ્‌ગુરૂ મુખસે ભકિત રસકી
ચોટ હૃદય લગ જાઇ
આધિ વ્યાધિ ઉપાધી નસાઇ
દે હરિ ચરણે લપટાઇ ભકિત.
રૂષી મુનિ પીવે, સંત જન પીવે
સરસ વો રસ સુખદાઇ
પુન્ય પુંજસે પ્રેમવો પ્રગટે
તો જન્મ મરણ મીટ જાઇ ભકિત.

પરલીયા— (૨૫)

રણુસોડ રાય રૂપાળા રંગીલાજી(૨)
ખોલો હમ હીરદાના તાળા રંગીલાજી(૨)
હેવકનું હારૂં કર, દયાની નજર ધર
ગરીબ પર ગોપાળા હેજી
પ્રેમ પાળજો દયો ટાળ જો
છબીલાજી છેલ છોગાળા રંગીલાજી(૨)
વરહદ હારૂ કર કેઠીમાં તું ટણુ ભર

કપટી કાનડ કાળા હેજી
કુડા મારજો રૂડા તારજો મોટા મોટા
મહીમા વાળા   રંગીલાજી(૨)

રામાનંદજી—તુલસી— }
દાસજી—કબીરજી— }   (૨૬)

નીતિ રિતિ પ્રિતિ ચહિ, ચેતિ ચિત ચાલજો
માધવ મુકુંદ મન ધારી, મસ્ત બનિ મહાલજો   ની.
કાયાનું કલ્યાણ કરિ લ્યો, સંસારાબ્ધિ સ્હેજે તરી લ્યો
પીપાજી—સીતા—પ્રિતે હમારા પ્રણામ પ્રણામ પ્રણામ—મસ્ત.

શ્રી કૃષ્ણ—   (૨૭)

આનંદ ઉરમાં અપાર ભક્તો પધાર્યાં છે દ્વાર
તન મનથી મારા પ્યારા પ્રાણ આધાર
રિધ્ધી સિધ્ધી છોડી, સર્વ ગણ્યો નહિ રાજ ગર્વ
પામવાને શુદ્ધ ધર્મ, અહિં આવ્યા છે આવાર
ભક્તો સ્વરૂપ મારૂં, ચાહું નિત તેનું સારૂં
નહિ નહિ વશ કોને, ભક્તો વશ નિરધાર.

પીપાજી—સીતા—   (૨૮)

અમે પ્રીતે પગ પુજીએ શ્રીનંદ નંદના
કૃષ્ણ—ભક્તો વિઘ્ન નહી વ્યાપે હવે દ્વંદ ફંદના.
પીપાજી—સીતા— સાચું શરણું સ્વામીનું અમને એક છે
અમારી ચંદ્ર ચકોર જેવી ટેક છે.
સુખી રહે જળચળ બધાં, પાણી હોય અપાર
કૃષ્ણ—તેમજ મારા રૂપમાં, તીર્થ નરને નાર   અમે.
પીપાજી—ચરાચરમાં નાથજી, સર્વ તણા છીએ દાસ
કૃષ્ણ—એ લક્ષણથી ઓળખ્યો, અનન્ય ભક્તિ ખાસ   અમે.

દાસીયો— (૨૯)

શ્રી કૃષ્ણુ કમળાપતિ, વનમાળી વ્રજચંદ
ભક્તોના ભવ ભય હરો, નરહરી નયના નંદ.
આવો બ્હેનો આવો મોતી થાળ લાવો
પ્રભુજીના ભક્તો વધાવવા રે
અતરદાની પાનદાની પ્રીતે લાવો
અબીલ ગુલાલ વરસાવો મન ભાવો
સુપાન પકવાનો લઇ આવો. આવો.

અંક ત્રીજો.

પુજારી—પ્રજાવર્ગ વિગેરે— (૩૦)

આજ પધારી આપે અમપર, કીધો અતિ ઉપકાર
પ્રભુના પ્યારા પ્રેમીજનના, દર્શન થયાં આવાર
ધર્મ અર્થને કામ મોક્ષના, પામ્યા પદારથ ચાર આજ
મન મદ મોડી દ્દય કર જોડી, નમન કરી નરનાર
માનીએ મનથી આજ અમારો, ધન્ય ધન્ય અવતાર આજ

પ્રજાવર્ગ— (૩૧)

ધન્ય ધન્ય ભક્તિ તમારીરે, વશ કર્યાં વ્રજ વિહારીરે
ગણી જીંદગી નહિં પ્યારી, તેથી પામ્યા શ્રી મોરારીરે
શુધ્ધ મને સ્મરણુ કરો, સુખ કર સુંદર શ્યામ
પુન્ય બળેથી પામશો, ધરણી ધરનું ધામ
પ્રિત કહીએ પોકારી, લેજોમાની શીખ અમારી.

વિકાળ તથા લુટારા— (૩૨)

મારો છાપો દુશ્મન કાપો, બહાદુર બહાદુરી દર્શાવો

વિરા શુરા બળમાં પુરા, અજમાવો અરીપર
તીખી આ તલવાર, કરીને ભુમી ભેળા
ઝટપટ દઈ ઝપટ, લુંટી ઝુંટી મારી પાડી થઈએ જરદાર
શાણા સરદાર, તીરો સાંધી નાંખો વિંધી રહો તૈયાર
યાર યાર યાર.

રામ— (૩૩)

છે કષ્ટ કો કરનાર તે મુજ પ્રાણ પ્યારા ભક્તને
જે ધીર થઈને ધ્યાન ધારે, નિસાર માની જગતને.
મુજ ઉપર સુખ સહુ વારતા, વળી શુભ ગુણો વિસ્તારતા;
ષડ શત્રુઓને મારતા, અગણીત જીવોને તારતા,
દુઃખ વૃંદને નવ ગણકારતા......છે કષ્ટ.

શ્રીરામ— (૩૪)

ચૌદ ભુવનમાં ચિત મારૂં, ભક્ત વિણ ચાહે નહિં...હાં.
વળી વિશેષે મન મારૂં, ભક્તિ વિણુ ભાવે નહિં...હાં.
ચરણ મારે ચિન્ત જોડે, જુઠી જગ જંજાળ ત્રોડે;
મારૂં તારૂં મનથી મોડે, અધિક એ વિણ છે નહિં...હાં.
માટે મનમાં ધૈર્ય ધારો, મુજ સ્વરૂપ અંતર ઉતારો;
વાળ એક વાંકો તમારો, કરનારો કો છે નહિં......હાં.

પીપાજી તથા સાધુ— (૩૫)

રૂડા મારા રામરે વ્હારે વ્હેલા આવજો હેજી
સીતાપતિ જાશે તમારી લાજ... ... ...રૂડા.
સેવકને માથે રે સંકટ આવ્યું સાંકડું રે જી
નિવારોને અવધ પતિ મહારાજ ... ...રૂડા.
નાથ નિયંતા સર્વના, પરાપાર પરમેશ

કેશવ પ્રભુ કરૂણા કરી, કાપો આ અમ કલેશ;
દુખ માંહી પુકારે તેને તમે તારજોરેજી
ગુણ ગાઉં ગોવિંદ ગરીબ નીવાજ.........રૂડા રામ.

ઓરામ— (૩૬)

વ્હાલા ના વિસારૂં હું તારૂં પ્યારા પ્રેમી ભક્તોરે
જનમ મરણ ટાળી તમારા રાખું શરણમાં રે
સ્નેહ ધરી કરી સ્થાપીશ શાણાઓ શ્રેષ્ટ ગણમાંરે
ભક્તિ ગ્રહિને વિદેહી થઇને વિચરો જગમાંરે
અનેક જીવોનો ઉધ્ધાર કરીને મળજો મુજમાંરે.

(૩૭)

કાં—મારા શાણા શેઠીયા રે— વાહા. (૩)
ભુ—ભુતભાઇ ભેટીયા રે— આહા. (૩)
કાં—મારે ચિન્તે ચોટીયારે— વાહા. (૩)
અબળાના આધાર, હુવા છો દીલદાર,
વીયોગીને ઠાર,
ભુ—વાહ વાહલી નાર.
કાં—હૈયાના હાર, છો જીવન આધાર
પ્યારી તારો પાડ, રૂડી રંગમાં રમાડ—મારા.

સુરજમલ— (૩૮)

ભ્રાંતિ દુર ગઇ ગઇ ગુરૂજી, શુભમતી આપના પ્રતાપે થઇ—ભ્રાં.
કુમતિને કરી ઝટ દુરે તન અને મન મહિં
મહા રોગ કેરી સંસારી જે વળગેલી વ્યાધિ હરિ—ભ્રાંતિ.
જરા મન ધર્યો નહિં મમ અપરાધો

જનમ મરણુ ભયમાંથી ઉગાર્યો શરીરમાં

શાન્તી શાન્તી થઇ—

અરજંણુ—કરમશી (૩૯)

વોય વોય મારા બાપ મને વીંછીડે પટકાવીયો
નાડે નાડુ ટુટી જાય, ડંખ માંહી બળે લાય
કેમ કરી તે બોલાય, પેટડા માંહી ચુંથાય વોય.
અરરર હાય જીવ જાય મારી માય વોય.

સીતા— (૪૦)

મન મુરખ તું તજ ચાળારે, ભજ રામકૃષ્ણુ રઢીયાળા;
માત તાત ને ભ્રાત સંબંધી, જુઠી પ્રીત બતાવે,
મરણુ સમયના સાથી નહીં કોઇ મળી બાળવા આવે;
વ્હાલામાં જે વહાલું હોયે, તે તાણીને બાંધે,
ખોરી બાળે ઉપર મારે તજ્જ સ્નેહ એ વાતે રે.

પીપાજી— (૪૧)

કરૂણા કીધી કીધી કીધીરે કરૂણા કીધી
પ્રભુ સાર મારી ઝટ લીધી [૨] કરૂણા.
કામ ક્રોધના વશ વરતીને વ્યાધી વહોરી લીધી,
અમર થવાનું અમૃત ઢોળી પ્યાલી વિષની પીધી કરૂણા.
પાપી પામર જીવ નવ જાણ્યું, પુજન યજનની વિધિ
ગુરૂ કૃપાળુ મુખથી પામ્યો, મહા મંત્રની સિદ્ધિરે કરૂણા.

કાઠરીઓ— (૪૨)

નીચ કુળ માંહી થયો જન્મ અભાગીજી
પાપ અમાપ તણા પરિતાપે
લાય અંતર લાગી પાળક પીતાએ ત્યાગી. થયો.

તાત શ્રીભોવનના તારોને, અધરૂપ અબળા બાળ
કરૂણાળુ કીરતાર છો, અમ અધમ તણા આધાર છો. નીચ

છોકરીઓ— (૪૩)

શ્રી સદ્‌ગુરૂ શરણમાં જઇએ સુખી થાવા
સદા ગોવિંદના, અરે હાં રે જઇએ ગુણો ગાવા,
જીવન જગનાથમાં જોડી, બંધન તોડી
મૃત્યુનો ભય સરવ, અરે હાંરે, છોડી અમર થાવા,
પ્રલય કરવાને અમ પાપો ઘણા શ્રાપો
[illegible]વ સન્મતિ, અરે હાં રે, આપો ચરણ ન્હાવા.

તુલસીદાસ - (૪૪)

[illegible]બસ રહેના, રામ ભજનમે,
રેન દીવસ રટી, પ્રના મગનમેં,
સદ્‌ગુરૂ શેવા, સંત સમાગમ
ભાવે તો જાવે, શ્રી રામ શરનમેં.

સમાપ્ત.